# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજના સંયુક્ત ઉપક્રમે "વિશ્વ યોગ દિવસ" નિમિત્તે કાર્યક્રમ યોજાયો</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અને કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજના સંયુક્ત ઉપક્રમે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી  ડૉ. કે. બી. કથીરિયા ના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના પ્રાંગણમાં "વિશ્વ યોગ દિવસ" નિમિત્તે કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. કે. ડી. ગુલાકરી, ડૉ. એન. કે. રાઠોડ, ડૉ. ડી. જે. રંગપરા,  ડૉ. નીતિનભાઈ પટેલ તેમજ શ્રીમતી હીના ચાવડા અને અન્ય સ્ટાફ તેમજ કૃષિ સંશોધન કેન્દ્ર, અરણેજના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. એન. આર. બુંબડીયા, શ્રી એચ.એમ. પઢેરીયા, ડૉ. દીપક પાટીલ અને તમામ કર્મચારીઓ દ્વારા વિશ્વ યોગ દિવસને અનુલક્ષીને સામુહિક સ્વાસ્થ્ય જાગૃતિના ભાગરૂપે યોગાભ્યાસ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ દ્વારા ઉપસ્થિત સૌ કર્મચારીગણ દ્વારા યોગને દૈનિક જીવનનો ભાગ બનાવી શારીરિક વ માનસિક સ્વાસ્થ્ય કેળવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો.





